દૂધમાં સાકરની જેમ કોંગી આગેવાનો ભાજપમાં ભળી રહ્યા છે : રૂપાણી

ગાંધીનગર, તા. ૨૯

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું છે કે, ગુજરાતના પનોતા પુત્ર અને દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ છેલ્લા ૩ વર્ષમાં દેશની કરવટ બદલી છે. જેના કારણે ગુજરાતમાં કોંગ્રેસના ધારાસભ્યો કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાઈ રહ્યા છે તેજ દર્શાવે છે કે ભારતીય જનતા પાર્ટીનું સુશાસન રાજ્યની વિકાસ યાત્રાને ચોક્કસ આગળ વધારશે અને આવનારી ચૂંટણીઓમાં ભાજપ વધુ સારી રીતે બહુમત મેળવીને સરકાર રચશે તેવો વિશ્વાસ મુખ્યમંત્રીએ વ્યક્ત કર્યો હતો.

આજે ગાંધીનગર જિલ્લાના માણસા ખાતે પૂર્વ ધારાસભ્ય અમિતભાઈ ચૌધરી, હરિભાઈ ચૌધરી સહિત અનેક આગેવાનો ભાજપમાં જોડાતા તેમને આવકારીને મુખ્યમંત્રી રૂપાણીએ કહ્યું કે, માણસાએ દેશને બે અમિતભાઈ આપ્યા છે. એક અમિતભાઈ શાહ કે જેમણે ભારતીય જનતા પાર્ટીનું નેતૃત્વ સંભાળીને દુનિયાની સૌથી મોટી પાર્ટી તરીકે ભાજપાને પ્રસ્થાપિત કરી છે અને આપણો આ બીજો અમિત કે જેણે યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લીધો છે. આ છઠ્ઠો કાર્યક્રમ છે કોંગ્રેસનો ગઢ ગણાતા ખેડા જિલ્લામાં પણ

માનસિંહ ચૌહાણ અને રામસિંહ ચૌહાણ, સાણંદમાં કરમશીભાઈ પટેલ અને શ્રીમતી તેજશ્રીબેન પટેલ, જામનગરમાં ધર્મેન્દ્રસિંહ જાડેજા, ગોધરામાં સી.કે. રાઉલજી સહિત અનેક આગેવાનો ભાજપમાં જોડાયા છે અને રાઘવજીભાઈ આગામી સમયમાં જોડાવાના છે. ચારેય તરફથી લોકો કોંગ્રેસ છોડીને ભાજપમાં આવી રહ્યા છે ત્યારે આપ સૌએ દૂધમાં સાકર ભળી જાય તેમ તે રીતે ભળી જઈને દેશભક્તિથી છલકતી પાર્ટીમાં ભળી જવાનો નિર્ણય કર્યો છે તે માટે અભિનંદન. આપ સૌ પણ ભારતમાતાની સેવામાં જોડાઈને માણસામાં અંતરિયાળ વિસ્તારોમાં રાજ્ય સરકારની વિકાસ યાત્રાના લાભો પહોંચાડશો તેવી આશા વ્યક્ત કરી હતી.

ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણીએ અમિતભાઈ ચૌધરી અને હરિભાઈ ચૌધરીને પાર્ટી વતી આવકારીને અભિનંદન આપતાં કહ્યું કે, અમિતભાઈ યુવા નેતા છે અને ભાજપામાં યુવાનો દ્વારા વિકાસ મંત્રને વધુ વેગવાન બનાવવામાં તેઓ સહભાગી થશે તેવી આશા વ્યક્ત કરી હતી. તેમણે ઉમેર્યું કે, માણસા એ દેશને બે અમિતભાઈ આપ્યા છે. આપણા રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે પોતાનું સર્વસ્વ સમર્પિત કરીને દેશભરમાં પાર્ટીનો વ્યાપ વધારી વિશ્વની સૌથી મોટી પાર્ટી તરીકે સ્થાન અપાવ્યું છે તે આપણા સૌ ગુજરાતીઓ માટે ગૌરવની વાત છે.

આ પ્રસંગે મહિલા બાળ રાજ્યમંત્રી નિર્મળાબેન વાઘવાણી, વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર સહિત ભારતીય જનતા પાર્ટીના અગ્રણીઓ અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

મહેસાણા જિલ્લામાં એક ઈંચ વરસાદ

મહેસાણા, તા. ૨૯

મહેસાણા જિલ્લામાં વહેલી

સવારથી ભાદરવાની કાળઝાળ ગરમીનો ચમકારો જોવા મળ્યો હતો. પરંતુ બપોર બાદ વાતાવરણમાં અચાનક પલટો આવતાં ઝરમરીયો વરસાદ વરસવાનું શરૂ થઈ ગયું હતું. જિલ્લાના તમામ તાલુકામાં ગાજવીજ સાથે ૨ થી ૨૮ મીમી સુધી વરસાદ ખાબકતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.

જિલ્લામાં મંગળવાર સવારથી ભાદરવાની કાળઝાળ ગરમીનો ચમકારો જોવા મળ્યો હતો. આ દરમ્યાન બપોર સુધીમાં ગરમીનો પારો ૩૦ ડિગ્રીને પાર નોંધાયો હતો. અસહ્ય ગરમીની સાથે ઉકળાટથી મહેસાણાવાસીઓ ત્રાહિમામ પોકારી ગયા હતા. ગરમીની અસર શહેરના બજારો ઉપર જોવા મળતાં લોકોએ બપોરના સમયે બજારમાં આવવાનું ટાળ્યુ હતુ. આ દરમ્યાન બપોર બાદ વાતાવરણે અચાનક પલટો મારતાં જિલ્લાનું આકાશ કાળા વાદળોથી ઘેરાવા લાગ્યું હતું. તેમજ સાંજના સમયે ગાજવીજ સાથે જિલ્લામાં વરસાદ વરસવાનું શરૂ થયું હતું. જેમાં લોકોને ગરમીથી રાહત મળી હતી. જેમાં મહેસાણામાં ૨૨ એમએમ વરસાદ નોંધાયો હતો અને ખેરાલુમાં ૧૦ મીમી વરસાદ નોંધાયો હતો. તો બહુચરાજીમાં ૮ એમએમ, વિજાપુરમાં ૨૮, વડનગરમાં ૧૫, સતલાસણામાં ૫ એમએમ વરસાદ વરસ્યો હતો. જિલ્લાના બાકીના પંથકોમાં પણ છુટાછવાયા હળવા વરસાદી ઝાપટા પડ્યા હતા. જેને લઈ ગરમીનો પારો ગગડી જતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.

મુખ્યમંત્રીના અગ્ર સચિવ તરીકે મનોજ કુમાર દાસની નિયુકિત

મુખ્યમંત્રીના અગ્ર સચિવ તરીકે ૧૯૯૦ની બેચના સનદી અધિકારી મનોજ કુમાર દાસની નિયુકિત કરવામાં આવી છે.

હાલ રાજ્યના ઊદ્યોગ અને ખાણ વિભાગના અગ્ર સચિવ તરીકે સેવાઓ આપી રહેલા મનોજ કુમાર દાસ પાસેનો આ પદભાર મુખ્યમંત્રીના અગ્ર સચિવના તેમના પદભાર ઉપરાંત વધારાના હવાલા તરીકે અન્ય આદેશો થતાં સુધી યથાવત રાખવામાં આવ્યો છે.

વર્લ્ડ બેન્કમાં એકઝીકયુટીવ ડિરેકટર તરીકે નિમણૂંક પામેલા અગ્ર સચિવ સુશ્રી એસ. અપર્ણાનું સ્થાન મુખ્યમંત્રી કાર્યાલયમાં અગ્ર સચિવ તરીકે મનોજ કુમાર દાસ લેશે.

પોર ગામમાં ધમધમતા વરલી મટકાનાં અડ્ડા પર એલ.સી.બીનો દરોડો

ગાંધીનગર, તા.૨૯

અડાલજ નજીક આવેલા પોર ગામમાં બંધલાલી તળાવની બાજુમાં વરલી મટકાનાં જુગારનો અડ્ડો ધમધમતો હોવાની બાતમી આધારે એલ.સી.બી ની ટીમે ગઈ સાંજે દરોડો પાડી ચાર શખ્સોને દબોચી લીધા હતા. રૂ.૫૦ હજારનાં મુદ્દામાલ સાથે ચાર શખ્સોને એલ.સી.બીની ટીમે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તો બીજી તરફ આ અડ્ડો ચલાવતો મુખ્ય સુત્રધાર ફરાર થઈ જતા તેની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

ગાંધીનગર એલ.સી.બી પી.આઈ જે.ડી.પુરોહીત તથા તેમની ટીમે બાતમીને આધારે અડાલજ નજીક પોર ગામમાં બંધલાલી તળાવની બાજુમાં કાચની ફેક્ટરી

સામે દરોડો પાડી વરલી મટકાનાં અડ્ડા પર સપાટો બોલાવ્યો હતો. વરલી મટકાનો જુગાર રમાડતા ચાર શખ્સોને સ્થળ પરથી દબોચી લીધા હતા. પોર ગામનાં ચામુંડા વાસમાં રહેતા પોપટ ધુળા ઠાકોર, સરઢવ જનતાનગર ખાતે રહેતા રતન સેંધા રાવળ, મોટી આદરજનાં રાજેશ છના ઠાકોર, અને પોરનાં ભોયણીયો વાસમાં રહેતા મહેશ આતા ઠાકોર મળી ચાર શખ્સોની ધરપકડ કરી લઈ તેમની પાસેથી રોકડ રૂ.૪૨,૯૫૦ તથા મોબાઈલ અને આંકડાનુ સાહિત્ય મળી કુલ રૂ.૫૦,૪૫૦ નો મુદ્દામાલ જપ્ત કરી લેવામાં આવ્યો છે. તો બીજી તરફ આ ગુનાનો મુખ્ય સુત્રધાર ધુળા ઉર્ફે કટા સોના ઠાકોર હાજર મળી આવ્યો ન હોવાથી તેને પકડી પાડવા ટીમે દોડધામ શરુ કરી છે.

એનએસયુઆઈ જિલ્લા પ્રમુખ દ્વારા કરવામાં આવેલ કોલેજ કમિટીની નિમણુંકો રદ કરાઈ

એનએસયુઆઈની ગાંધીનગર જિલ્લા કારોબારીની બેઠકનુંઆયોજન તાજેતરમાં થયુ હતું. આ બેઠકમાં આગામી સમયમાં આયોજીત એનએસયુઆઈના કાર્યક્રમોની રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી. તેમજ સંગઠનને મજબુત કેવી રીતે બને તેની પણ ચર્ચા કરવામાં આવી હતી.

આ બેઠકમાં એનએસયુઆઈના જિલ્લા પ્રમુખ દ્વારા ખોટી રીતે કોલેજ કમિટીઓની નિમણુંક કરવામાં આવી હતી તે તમામ કમિટીઓ રદ કરાઈ છે. જે તે સમયે નવી કમિટીઓ માટેની યાદી જિલ્લા પ્રભારીને આપવાની સુચના કાર્યકરોને આપવામાં આવી હતી.તેમ છતા કોલેજની કમિટીઓની રચનાને પગલે ગાંધીનગર એનએસયુઆઈ જિલ્લા પ્રમુખને બે દિવસમાં આ અંગે ખુલાસો આપવા કારણદર્શક નોટીસ એનએસયુઆઈ જિલ્લા પ્રભારી દ્વારા પાઠવવામાં આવી છે. તેમજ આગામી કોઈપણ સંગઠનની નિમણુંક પ્રભારીની સુચના પછી જ આપવામાં આવે તેવો ઠરાવ કર્યો હતો.ગાંધીનગર જિલ્લા એનએસયુઆઈ પ્રમુખ દ્વારા કરવામાં આવેલ કોલેજ કમિટીઓની નિમણુંકો સ્ટેટ પ્રેસીડેન્ટ કે પ્રભારીને જાણ કર્યા વગર કરવામાં્વી છે તે અયોગ્ય છે. પ્રદેશની બેઠકમાં સ્પષ્ટ સુચના આપવામાં્વી હતી કે કોલેજની કમિટીઓનુંલીસ્ટ જિલ્લા પ્રભારીઓને સોંપવું. તેમ છતા કોલેજની કમિટીઓની નિમણુંક કરાતા જિલ્લા પ્રભારી સિધ્ધરાસિંહ ચૌહાણે જિલ્લા એનએસયુઆઈ પ્રમુખને કારણદર્શક નોટીસ પાઠવી બે દિવસમાં લેખિત ખુલાસો કરવા જણાવ્યુંછે. તેમ જો નહી કરવામાં આવે તો શિક્ષાત્મક પગલા ભરવામાં આવશે.

ખેડબ્રહ્મામાં ગણપતિ વિસર્જન કરાયુ

ખેડબ્રહ્મા શહેરમાં ઠેર ઠેર વિસર્જન કરવામાં આવેલા ગણપતિમાંથી કેટલાક ગણપતિનું એક દિવસ, બે દિવસ તો કેટલાક પાંચ દિવસે વિસર્જન કરવામાં આવે છે. વાસણા રોડ ઉપર શેડ નં. ૧ની સામેના સાર્વજનિક ગણપતિ તથા રોડ નં. ૨ના સુથાર યોગેશકુમારના ગણપતિનું હરણાવમાં વાજતે ગાજતે વિસર્જન કરવામાં આવ્યું હતું.

રાજ્યની પ્રત્યેક શાળા સ્વચ્છ-સ્વસ્થ સમાજના નિર્માણની પ્રહરી બને

ગાંધીનગર ખાતે રાજ્યની સૌથી સ્વચ્છ શાળાઓ એવી ૩૫ શાળાઓને સ્વચ્છ વિદ્યાલય પુરસ્કાર-૨૦૧૬ એનાયત કરાયા હતા. આ સમારોહના અધ્યક્ષસ્થાને ઉપસ્થિત રહેલા રાજ્યના શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ પુરસ્કાર વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, મોટાભાગની આરોગ્ય સમસ્યાના મૂળમાં ગંદકી છે અને તેનો ઉકેલ સ્વચ્છતામાં રહેલો છે. દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સ્વચ્છતાને સ્વભાવ બનાવવાના ધ્યેય સાથે સ્વચ્છ ભારત નિર્માણનું જનઅભિયાન શરૂ કર્યું છે, ત્યારે પ્રત્યેક નાગરિકે આ રાષ્ટ્રકાર્યમાં જોડાવું જોઈએ. મહાત્મા ગાંધીજીએ સ્વચ્છતાના આગ્રહ સાથે પોતાનું કામ જાતે જ કરવાનો આગ્રહ રાખ્યો હતો.

જળપ્રલય

● અનુસંધાન પહેલાનું ચાલુ

રેડએલર્ટની જાહેરાત કરવામાં આવી છે. સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટની ઓફિસ પહોંચેલા મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસે કહ્યું છે કે, તમામ સરકારી ઓફિસોને જરૂરી આદેશો કરવામાં આવ્યા છે. કર્મચારીઓને વહેલીતકે રજા આપી દેવામાં આવી છે. ખાનગી ઓફિસમાં કામ કરતા લોકોને વહેલીતકે પરત ફરવાનું કહેવામાં આવ્યું છે. બાંદરા, પરેલ, વડાલા, પરેલ, જોગેશ્વરી સહિતના તમામ વિસ્તારોમાં પાણી ભરાઈ ગઆ છે. મુંબઈના અનેક વિસ્તારોમાં ગઈકાલ રાતથી જ ભારે વરસાદની શરૂઆત થઈ હતી. બીએમસીના કહેવા મુજબ મુંબઈ અને આસપાસના વિસ્તારોમાં સવારે ૮.૩૦ વાગ્યાથી પણ અવિરત વરસાદ પડી રહ્યો છે. બીએમસીના કર્મચારીઓ પંપનો ઉપયોગ કરીને પાણીનો નિકાલ કરી રહ્યા છે. સ્કૂલોમાં રજાની જાહેરાત કરી દેવામાં આવી છે. દરિયામાં ઉંચા મોજા ઉછળવાની ચેતવણી જારી કરવામાં આવી છે. સાવચેતીરુપે પાણીમાં ડ્રાઈવિંગ ન કરવા અને ફોનને ચાર્જ રાખવા માટેની અપીલ કરવામાં આવી છે. બીએમસી તરફથી ઈમરજન્સી નંબર ૧૯૧૬ જારી કરવામાં આવ્યો છે. બાંદરા રેલવે સ્ટેશનના સિગ્લનની વ્યવસ્થા ઠપ થઈ ગઈ છે. માટુંગા રેલવે ટ્રેક ઉપર પાણી ફરી વળ્યા છે. લોકલ ટ્રેન સેવા બંધ કરવાની ફરજ પડી છે. અંધેરી સબવેને બંધ કરવાની ફરજ પડી છે. વિમાની સેવા ખોરવાઈ ગઈ છે. મુંબઈ પોલીસે એડવાઈઝરી જારી કરીને કહ્યું છે કે, જરૂર ન હોવાની સ્થિતિમાં ઘરની બહાર નિકળવાની જરૂર નથી. લોકોને ઘરમાં રહેવા માટે કહેવામાં આવ્યું છે.

ખડી પડ્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

મુંબઈ અને થાણેમાં સેન્ટ્રલ રેલવેની લોકલ ટ્રેન સેવા આના કારણે ખોરવાઈ ગઈ હતી. મુંબઈ છત્રપતિ શિવાજી ટર્મિનસ અને કલ્યાણ વચ્ચે લોકલ ટ્રેન સેવાને કોઈ અસર થઈ ન હતી. એકપછી એક ટ્રેન દુર્ઘટનાના કારણે રેલવે તંત્રની પ્રતિષ્ઠાને મોટો ફટકો પડ્યો છે. કલ્યાણથી બચાવ ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. વરિષ્ઠ રેલવે અધિકારીઓ પણ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. દુર્ઘટના માટેનુ કારણ હજુ સુધી જાણી શકાયુ નથી. જાણકાર લોકો માની રહ્યા છે કે ભેખડો ધસી પડવાના કારણે આ બનાવ બન્યો હતો. ટિટવાલા એક ગ્રામીણ વિસ્તાર તરીકે છે. બનાવ બાદ સ્થાનિક લોકો પણ મદદ માટે તરત પહોંચી ગયા હતા. વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસથી ભારે વરસાદ થઈ રહ્યો છે. વરસાદના કારણે ભેખડો ધસી પડવાના કારણે આ દુર્ઘટના સર્જાઈ છે. ટ્રેનના એન્જિન અને પાંચ એસી કોચ ખડી પડવાના કારણે આ રૂટ પર ટ્રેન સેવા સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ હતી. સામાન્ય સ્થિતી સ્થાપિત કરવાના તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. સવારે ૬.૩૦ વાગ્યાની આસપાસ આ દુર્ઘટના સર્જાઈ હતી. માત્ર દસ દિવસના ગાળામાં જ ચોથી ટ્રેન દુર્ઘટના સર્જાઈ છે. ભારે વરસાદના કારણે બચાવ અને રાહત કામગીરીમાં પણ અડચણો આવી રહી છે.

ભારે વરસાદ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સૌરાષ્ટ્રમાં વરસવાનું ચાલુ રાખ્યું છે. રાજ્યના ૭૨ તાલુકાઓ નોંધપાત્ર વરસાદ થયો છે. જેમાં વલસાડ જિલ્લાના વાપી તાલુકામાં ૩૯૧ મી.મી., એટલે કે ૧૫ ઈંચથી વધુ, ઉમરગામમાં ૧૮૬ મી.મી., એટલે કે ૭ ઈંચથી વધુ ભાવનગરમાં ૧૩૭ મી.મી અને અને પારડીમાં ૧૨૨ મી.મી., મળી કુલ બે તાલુકામાં પાંચ ઈંચથી વધુ અને પાલીતાણામાં ૧૧૩ મી.મી., એટલે કે ચાર ઈંચથી વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે.

રાજ્યના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે તા. ૨૯.૮.૨૦૧૭ને સવારે ૭.૦૦ કલાકે પુરા ચોવીસ કલાક દરમિયાન તળાજા તાલુકામાં ૯૬ મી.મી., કઠલાલમાં ૯૧ મી.મી., શિહોરમાં ૮૯ મી.મી., હાંસોટમાં ૭૮ મી.મી., વાગરામાં ૯૩ મી.મી.,ઓલપાડમાં ૯૪ મી.મી., ઉમરપાડામાં ૮૧ મી.મી., જલાલપોરમાં ૭૮ મી.મી., અને વલસાડમાં ૮૧ મી.મી., મળી કુલ નવ તાલુકાઓમાં ત્રણ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. આ ઉપરાંત રાજ્યના ભીલોડા તાલુકામાં ૬૭ મી.મી., ધંધુકામાં ૫૩ મી.મી., સોજીત્રામાં ૬૪ મી.મી., તારાપુરમાં ૬૩ મી.મી., ધ્રાંગધ્રામાં ૫૧ મી.મી., કોટડા-સાંગાણીમાં ૫૦ મી.મી., રાજકોટમાં ૫૯ મી.મી., જુનાગઢમાં શહેરમાં ૫૧ મી.મી., જેસરમાં ૬૫ મી.મી., અંકલેશ્વર ૬૭ મી.મી., ચોર્યાસીમાં ૬૦ મી.મી., માંગરોળમાં ૬૧ મી.મી., સુરત શહેરમાં ૬૩ મી.મી., કપરાડામાં ૬૫ મી.મી., મળી કુલ ૧૫ તાલુકાઓમાં બે ઈંચથી વધુ અને અન્ય ૪૩ તાલુકાઓમાં એક ઈંચથી વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે. આ સાથે ચાલુ મોસમનો રાજ્યનો કુલ સરેરાશ વરસાદ ૯૬.૯૮ ટકા જેટલો નોંધાયો છે. જેમાં કચ્છ રિજીયનમાં ૯૩.૧૬ ટકા, ઉત્તર ગુજરાત રિજીયનમાં ૧૩૫.૪૮ ટકા, પૂર્વ-મધ્ય ગુજરાત રિજીયનમાં ૭૮.૨૨ ટકા, સૌરાષ્ટ્ર રિજીયનમાં ૯૫.૩૮ ટકા અને દક્ષિણ ગુજરાત રિજીયનમાં ૮૩.૩૯ ટકા જેટલો વરસાદ નોંધાયો છે.

હા, સાહેબ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બદલાતી જાય છે... જનસેવા એ જ પ્રભુસેવામાં માનતી આપણી આવતીકાલ મજબુત બનતી જાય છે..! આ તો બદલાવનો વળાંક છે એટલે તમને બીક લાગે છે.''

''હં... અ... સારૂ કર્યું તે હૈયાધારણ આપી. મને તો ટેન્શન હતું કે આમનું આમ ચાલ્યું તો..?!!''

''સાહેબ શિક્ષણ અને સમજણનું પ્રમાણ જેમ જેમ વધતુ જાય છે તેમ તેમ અંધશ્રદ્ધામાંથી શ્રદ્ધા તરફ જવાની ગતિ પણ તીવ્ર બનતી જાય છે. આજે નવી પેઢી કંઈ ખોટું ચલાવવા માંગતી જ નથી..!''

''ખુબ સારી વાત કરી તેં ભાઈ..! ટાઢક વળી મારા હૈયે... ધતિંગબાજોના ધજાગરાઓથી લજવાતી ધર્મની ધજાને ફરકતી રાખવાનો પુરૂષાર્થ આજ સાચો માર્ગ છે... સત્ય જ ધર્મ છે... કરૂણા જ ધર્મ છે અને માનવતા જ ધર્મ છે... જો આટલું સમજાતુ જાય તો દંભ દેખાડા ધરાશયી થશે અને શ્રદ્ધા મજબુત બનશે..! જીવતા જીવનો મંદિરો બની જશે...''

''બોલો અંબે માત કી જય...''

- નિમિત્ત માત્ર

પસંદ ના થતાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શાળાઓની પસંદગી ના થતાં તંત્રમાં સ્વચ્છતા અંગે પ્રવર્તતી ઉદાસીનતાને મુદ્દે શિક્ષણપ્રેમીઓ વધુ નિરાશ થયા છે.

શિક્ષણ સંસ્થાઓમાં સ્વચ્છતા માટે વિશેષ ગ્રાન્ટ પણ આપવામાં આવતી હોય છે તે ઉલ્લેખનીય છે.

ઘેરાવો યથાવત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

યથાવત છે. શહેરમાં છેલ્લા ત્રણ દિવસથી વરસાદી માહોલ જામ્યો છે. એકબાજુ સ્વાઈન ફલુના રોગચાળાએ પણ કહેર વર્તાવ્યો છે ત્યારે વરસાદના લીધે વાતાવરણમાં વધતુ ભેજનુ પ્રમાણ પણ રોગચાળાની દ્રષ્ટીએ ચિંતાનો વિષય છે. આવા સંજોગોમાં રાજયમાં હજુ બે દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી છે. ત્યારે શહેરમાં પણ આકાશમાં વરસાદી વાદળોનો ઘેરોવો જોવા મળી રહયો છે. રોજબરોજ વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી છાંટણાં અને કયારેક હળવુ ઝાપટુ વરસતા ભીંજારો યથાવત જોવા મળી રહયો છે. ભાદરવે આકરો તાપ પડવાના બદલે વિચિત્ર મોસમના લીધે હાલ છેલ્લા ત્રણ ચાર દિવસથી સુરજદાદ માંડ ક્યારકે ડોકીયુ કરીને અદ્રશ્ય થઈ જતા નગરજનો પણ ભેજવાળા વાતાવરણના લીધે સુસ્તી અનુભવી રહયા છે.

હેલ્લો ફ્રેન્ડ્સ! ● ૪ પાનાનું ચાલુ...

- અહસન બાકી છે. જોઈએ મુસ્લિમ પર્સનલ લો બોર્ડ શું કરે છે?' રઝીયા પટેલની વાતો હૃદય દ્રાવક છે. આનંદ એ વાતનો છે કે ભારતની લોકશાહી અને સંવિધાનને એમણે શ્રેષ્ઠ ગણાવ્યા.

ચૂંટલો. :

'તલાક, તલાક, તલાક' એમ જ એક જ સમયે બોલીને પત્નીને છૂટાછેટા અપાતી મુસ્લિમ પરંપરા પર બ્રેક લગાવી સુપ્રિમે એક માનવીય સ્ત્રી હકનો સુપ્રિમ નિર્ણય સંભળાવ્યો છે, અને કેટલાંક તહસનહસ થતાં પરિવારોને બચાવ્યા છે. થ્રી ચિયર્સ ફોર હિન્દુતાની લોકશાહી!

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૦૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ